સુરત મહાનગરપાલિકા
હાઈડ્રોલિક વિભાગ

**પશ્ચિમ(રાંદેર) ઝોન પાલ જળવિતરણ મથકના સંલગ્ન વિસ્તારોમાં તા.૨૬/૦૨/૨૦૨૬નાં ગુરૂવાર સવાર તથા સાંજનો પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેશે તથા તા.૨૭/૦૨/૨૦૨૬ શુક્રવારના રોજ પાણી પુરવઠો ઓછા પ્રેશરથી / ઓછા જથ્થામાં મળવા અંગેની અગત્યની પ્રેસ નોટ**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હંમેશ કટીબધ્ધ રહેલ છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ, સુરત શહેરમાં સમાવિષ્ટ વિસ્તારમાં નિયત સમય મર્યાદામાં, પુરતા જથ્થામાં તેમજ ગુણવત્તા સાથે પાણી પુરવઠો પુરો પાડવા હંમેશા પ્રયત્નશીલ રહે છે. સુરત શહેરના પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં પાલ જળવિતરણમથક ખાતેની ભુગર્ભ ટાંકીની સફાઈ તથા નવી અને જુની ભુગર્ભ ટાંકીને ઈન્ટરકનેકટ કરવાની કામગીરી તા.૨૬/૦૨/૨૦૨૬ ગુરૂવારના રોજ હાથ ધરવામાં આવનાર હોય, નીચે જણાવેલ તારીખના રોજ જણાવેલ વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રહે/ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં /નહીંવત મળવાની શકયતા રહેલી છે. તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજ સવારના સમયનો પાણી પુરવઠો તથા સાંજના સમયનો પાણી પુરવઠો સંપૂર્ણ બંધ તથા તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ પાણી પુરવઠો ઓછા પ્રેશરથી /ઓછા જથ્થામાં મળવાની શકયતા રહેલ છે. જેની જાહેર જનતાએ નોંધ લેવા તથા ઉપરના અસરકર્તા દિવસો પહેલા પુરતા જથ્થામાં જરૂરીયાત મુજબના પાણીના જથ્થાનો સંગ્રહ કરી લેવા તેમજ કરકસર પૂર્વક પાણીનો વપરાશ કરવા વિનંતી કરવામાં આવે છે.

| અ.નં. | તારીખ | પશ્ચિમ ઝોન(રાંદેર)ના નીચે મુજબના વિસ્તારમાં પાણી બંધ રહેશે |
|---|---|---|
| ૧ | તા.૨૬/૦૨/૨૦૨૬ | પાલ જળવિતરણ મથક સંલગ્ન ઓવરહેડ ટાંકીના ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કમાં આવતા સપ્લાયમાં<br>• ઓવરહેડ ટાંકી ESR-4 નો વિસ્તાર: ટવીન ટાવર થી સિધ્ધી વિનાયક હાઈટસ, પુજા ફ્લેસથી |

| | | |
|---|---|---|
| | | અલ્પેશનગરથી સંતતુકારામ વિભાગ-૨ અને વિભાગ-૬ થી ઝઘડીયા ચોકડી સુધી તથા તેની આસપાસની સોસાયટીઓ / લાગુ વિસ્તારો.<br>• ઓવરહેડ ટાંકી ESR-2 નો વિસ્તાર : રોયલ પ્લેટીનમ કોમ્પલેક્ષા, રાજહંસ પ્લેટીનમ, ઓર્ચિડ ઇન્ફીનિટી, નક્ષત્ર એમ્બેસી, પાલનપુર ગામ તથા તેની આસપાસની સોસાયટીઓ / લાગુ વિસ્તારો.<br>• ઓવરહેડ ટાંકી ESR-5 નો વિસ્તાર : હારમની રેસીડન્સી, પંચામૃત કેમ્પસ, શ્રીપદ એન્ટીલયા, પાલ ગામ તથા તેની આસપાસની સોસાયટીઓ / લાગુ વિસ્તારો.<br>• ઓવરહેડ ટાંકી ESR-1 અને ૩ નો વિસ્તાર : મોનાર્કથી ગૌરવપથ રોડ, પાલ હવેલીથી રાજહંસ કેમ્પસ થી કબુતર સર્કલ તથા તેની આસપાસની સોસાયટીઓ / લાગુ વિસ્તારો. |

ઉપરોકત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ, જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં નાગરિકોએ સહકાર આપવા વિનંતી તથા થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે..

**જનસમ્પર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા**
**અખબાર યાદી નં ૫૯૬**
**તારીખ ૨૩/૦૨/૨૦૨૬**